ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*તુમ કહો તો દિવસ કો પણ રાત કહેંગે !*
*તુમ કો સ્વીકાર્ય હોગી એવી જ વાત કરેંગે !*
*લે લેંગે કાયદા પાછા તુમારી આજ્ઞાનુસાર -*
*નકટા હોકર પણ સત્તામેં ભાગ માંગેંગે!!*
*(મહેબૂબાની ગુલામી)*

હાઈકુ

*અમારી સાથે,*
*સંમત ન હોય તે -*
*છે દેશદ્રોહી...*
*(નવી વ્યાખ્યા)*

*ઝંપલાવ્યું છે,*
*હાર્દ સમજ્યા વિના -*
*હાર્દિક-જંપ...*
*(હવે એકલા પડી ગ્યા?!)*

### ચિંતન

**કબીર થોડા જીવના માટે બહુત બઢાન ।**
**સબહી ઉભા પંથ સિર, રાવ રંક સુલતાન ॥**

કબીરજી કહે છે જીવન-આયુષ્ય-આવરદા તદ્દન અલ્પ છે. જન્મથી મૃત્યુ સુધીનો કાળો ખૂબ જ ઓછો છે, એમાં મનુષ્ય મર્યાદા બહારના મનસૂબાં ઘડે છે અને એ ઈચ્છા-આકાંક્ષા-મહત્વાકાંક્ષાઓ પૂરી કરવા મથે છે એની ચિંતા અને ખોટી દોડધામમાં જ આ અલ્પ જીવન પૂરું કરી નાખે છે. આમને આમ આમ વૃદ્ધાવસ્થા આવે છે અને થાક લાગે ત્યારે સમજાય છે કે આપણે ખોટી દોડધામમાં કિંમતી-અમૂલ્ય જીવન વેડફી નાખ્યું!!

ખાલી હાથે આવ્યા. ખાલી હાથે જવાનું છે. ખોટી ધન-સંપત્તિનો કચરો ભેગો કરી એને સાચવવાની ખોટી મથામણ કરી.

બાકી, આપણે સૌ જેમ પ્રવાસી બસ સ્ટેશને બસની રાહ જોઈ ઊભા હોય એમ આપણે સૌ મૃત્યુ રૂપી બસની રાહ જોઈને જ ઊભા છીએ, રાજા-રંગ બધા એક લાઈનમાં જ છે. પોતાના નંબર (ધ્યેય)ની બસ આવે ચઢી જ જવાનું છે.

### સુવિચાર

- તમારે મહાન કામ કરવું હોય તો પહેલા તમારી જાત પાસેથી એની અપેક્ષા કરો - **દીપક ચોપરા**
- વચનમાં વજૂદ ન હોય ત્યારે એની કિંમત કોડીની હોય - **ઝેન કથન**
- નથી જેલ કે નથી ઝેર જીંદગી, જીવતા આવડે તો લહેર છે જીંદગી - **અંજના રાવલ**
- સત્કર્મોનો કદી નાશ થતો નથી, વિનય દર્શાવનારને વિનય મળે જ છે... દયા આપનારને સ્નેહ મળે જ છે, બીજાને આપેલો આનંદ કદી વ્યર્થ જતો નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- પ્રેમરુપી કંટકથી દિલને ઘાયલ કર્યા વિના આપણામાંથી કોણ ગાઈ શક્યું છે? - **ખલીલ જિબ્રાન**
- હું એટલા માટે હસું છું કે કયાંક પેલું જમાનાથી સંતાડેલું આંસુ ગફલતમાં ટપકી પડે નહીં - **હરીન્દ્ર દવે**
- આજનું ઔષધ : દહીંમાં અજમો નાખી ને ખાવાથી કબજીયાતની તકલીફ દૂર થાય છે.

**(સંકલન : દીપક વી. આસરા)**

### બોધકથા

સાધુ-સંત-જીવનમાં ધૈર્ય-સહનશીલતા અને ક્ષમા હોય - ક્રોધને સ્થાન જ ન હોય. ત્યાગીને વળી મમત અને મમતા કેવી?

એક સાધુએ સ્નાન કરી પોતાની ધોતી-ખેસ-ચાદર જે સંપૂર્ણ સંપત્તિ હતી તે ધોઈ નદી કાંઠે સૂકવી - ભગવાનના સ્તુતિ-પાઠ કરવા બેઠા હતા અને કપડાં સૂકાવાની રાહ જોતા હતા. ત્યાં નદી કાંઠે એક કપડાં ધોતી હતી અને તેના બે પુત્રો-તોફાની-મસ્તી, અને ધાંધલ-ધમાલમાં દોડાદોડ કરતા હતા. અને દોડાદોડમાં ગંદા-કાદવવાળા પગે સાધુના કપડાં પરથી પણ દોડ્યા-સાધુના કપડાં-કાદવના પદ્-ચિહ્નથી ખરડાયાં...

સાધુ ગુસ્સે થયા. પહેલાં બાળકો સાથે અને પછી તેની મા સાથે ખૂબ બોલાચાલી થઈ, ત્યાં સ્ત્રીનો મોટો પુત્ર અને પતિ લાકડી લઈને આવ્યા. સાધુને ઠપઠોર્યો...

રાત્રે, સાધુએ કણસતાં કણસતાં કરૂણાભર્યા સ્વરે ઈશ્વરને પ્રાર્થના કરી. ભગવાન હાજર થયા, સાધુ કહે ભગવાન, તમે મને બચાવ્યો કેમ નહીં?!

ભગવાન કહે, તમારી ગાળાગાળી અને મારામારીમાં હું નક્કી જ ન કરી શક્યો કે ખરેખર સાધુ કોણ છે?!

# મા, માતૃભાષા અને માતૃભૂમિ સ્વર્ગથી અધિક છે

આજે વિશ્વ માતૃભાષા દિવસ. આ દિવસે શાળા-કૉલેજથી માંડીને શૈક્ષણિક-સાંસ્કૃતિક સંસ્થાઓ માતૃભાષાનું ગૌરવગાન કરશે. ગુજરાતી ભાષા એ ગુજરાત પ્રદેશમાં બોલાતી માત્ર ધ્વનિ સંકેતોની યોજના સમ ભાષા નથી પણ માતા માતૃભાષા અને માતૃભૂમિશ્ચ સ્વર્ગાદપિ ગરિયસી। છે. મા, માતૃભાષા અને માતૃભૂમિ સ્વર્ગથી પણ ચઢિયાતી છે. જન્મદાત્રી છે તો અસ્તિત્વ છે. જન્મભૂમિ છે તો અન્ન છે, પ્રાણ છે પણ માતૃભાષા છે તો એ જીવનમાં પ્રાણ પૂરનાર તત્ત્વ અહેસાસ છે, સંવેદના છે, ભાવના છે, એવી ગુજરાતી ભાષામાં 'કુમાર' માસિકે આપેલી એક માહિતી મુજબ ૪, ૮૧, ૩૭૮ થી વધુ શબ્દો છે. ૨૨ થી વધારે ભીલી બોલીઓ અને સુરતી, ચરોતરી, પટ્ટણી, ઝાલાવાડી, ગોહિલવાડી, સોરઠી, હાલારી અને કચ્છી બોલી છે. એવી ગુજરાતી ભાષા મીઠી, સરળષ સમૃદ્ધ અને શાસ્ત્રીય છે.

આજે વિજ્ઞાન, યંત્ર ઉદ્યોગની અવનવી સંજ્ઞાને કારણે કોમન ભાષાનું ચલણ વધ્યું છે. ત્યારે પરસ્પરની સંલગ્ના અને સહયોગ વધતો ચાલ્યો છે. વર્તમાનપત્રો, વક્તાઓ, ચિંતકો, નેતાઓ, તજજ્ઞો વૈશઅવિકતાની ઉપયોગીતા વિશે જોરશોરથી પ્રચાર કરે છે. ત્યારે યુવાપેઢી પર બહુ મોટી જવાબદારી છે. શ્રીકૃષ્ણે જેને અક્ષરોહમ્ કહી છે તે માતૃભાષા

## તંત્રીસ્થાનેથી...

મનુષ્યની ક્ષમતા છે. વિચારવાની રીત છે. ભાષા અને સંસ્કૃતિ એકબીજા સાથે સંકળાયેલી છે. સંસ્કૃતિ તટસ્થ વાહન નથી પણ ભાષા સાથે ઓતપ્રોત છે. ઉમાશંકર જોશીએ કહ્યું છે કે, 'એ તો કેવી ગુજરાતી, જે હો કેવળ ગુજરાતી!' ગુજરાતી એ ગુજરાતી મટ્યા વિના ભારતીય પોતાની અસ્મિતા જાળવવા સારું બીજાનાં ધર્મ, કલા, સંસ્કૃતિ, સાહિત્ય અને સંસ્કાર પરંપરાને જાણવા જરુરી છે પણ અપનાવવા જરુરી નથી. એ ન્યાયે અંગ્રેજી ભાષા જાણવી અનિવાર્ય છે. ભલે વિશ્વના જ્ઞાનની બારી અંગ્રેજી દ્વારા ખૂલતી હોય પણ એ બારીને ખોલવાની કળા માતૃભાષા પાસે છે.

કોઈ પણ પ્રજાનો સંસ્કાર વારસો તેની માતૃભાષા છે. એ જ એની સંસ્કૃતિ અને એ જ એની અસ્મિતા છે. ગુજરાતીમાં 'તુલસી કયારો', 'ઈંઢોણી' કે 'પાણીયારું' શબ્દ એ માત્ર શબ્દભંડોળ બનવાને બદલે ગુજરાત પ્રદેશની જીવન ચેતના, જીવન રીતિ અને કુટુંપ પ્રીતિને સૂચવે છે. માતૃભાષામાં બોલાયેલા પ્રત્યેક શબ્દ પ્રતીકાત્મક મૂલ્ય ધરાવે છે. 'જયાં જયાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત' એ સદાચાર, સંસ્કારની ધરોહર માતૃભાષા પાસે છે. માતૃભાષા માનવ જગતને સંવેદન સભર બનાવે છે. સંવેદના શૂન્ય જગત કયારેય સ્વસ્થ સમાજનું નિર્માણ કરી શકતું નથી. અભિવ્યક્તિને મનોવિજ્ઞાને પણ સ્વસ્થ માતાના ધાવણ સાથે માતૃભાષાની તુલના રવીન્દ્રનાથ ટાગોરે કરીને માતાના ધાવણની જેમ સ્વસ્થ, સુપ્રાચ્ય અને સુપ્રેરક જીવનની રચના માત્ર માતૃભાષામાં જ થઈ શકે. માટે જ દરેક બાળકને પોતાની માતૃભાષામાં શિક્ષણ લેવાને અધિકાર હોવો જોઈએ અને એ અધિકાર બરકરાર રાખવાની સમાજની ઉદારતા ખૂબ જરુરી છે.

આજે સમૂહમાધ્યમ, સોશિયલ મીડિયાના પ્રભાવે આ ઓળખને ઝાંખપ લગાડી છે. ત્યારે મૌલિકતા કયાંક મૌલિકતા નથી. બીજી માતૃભાષામાં લખી શકાય પણ ચિંતન તો માતૃભામાં જ શક્ય બને છે. વિચાર તણખો એ માતૃભાષાની દેન છે.

અંગ્રેજી ભાષાને વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ કરતી ભાષા માની લેવાની ભૂલ કરીએ છીએ ત્યારે સિંહાવલોકન કરવાની જરુર છે. શું સફળ થવું હોય તો અંગ્રેજીમાં જ ભણવું પડે? તમે સફળ કોને કહો છો? સ્વામી વિવેકાનંદને? જે માતૃભાષામાં ભણ્યા હોવા છતાં શિકાગોની વિશ્વ ધર્મ પરિષદમાં અંગ્રેજીમાં બોલ્યા હતા. અને ભારતીય સંસ્કૃતિનો ડંકો વગાડ્યો હતો. મહાત્મા ગાંધી, સી.વી. રામન, રવીન્દ્રનાથ ઠાગોર, અમર્ત્ય સેન, વેંકી જેવા નોબેલ પારિતોષિક વિજેતાઓએ પણ માતૃભાષામાં શિક્ષણ મેળવ્યું હતું. આજે જગત તેમને વિશ્વવંદ્ય ગણે છે ત્યારે આ માન્યતાને દૂર કરવાની જરુર છે. પાશ્ચાત્ય વિચારક લોન્જાઈસે ભાષાક્ષીણતા અને પ્રજાક્ષીણતાને એક સાથે મૂકી આપીને સેંકડો વર્ષ પહેલાં ચેંતવણી આપી હતી કે 'હું અનેક ભાષાઓ વચ્ચે હર-ફર કરતાં કરતાં મારી માતૃભાષાની અહર્નિશ હરફર રહે તે વિશે પ્રયત્નશીલ છું.' આવી ભાવવના આપણા સૌમાં કેળવાય તેવો સઘન પ્રયત્ન કરવાની જવાબદારી આપણી સૌની છે તેને સંનિષ્ઠતાથી નિભાવીએ એ જ માતૃભાષા દિનની ઉજવણી.

# ભારતના ભયહેઠળના પક્ષીઓ

વિશ્વના પક્ષી જગતમાં વૈવિધ્યની વાત કરીએ તો અત્યાર સુધીના સજીવ સૃષ્ટિના વર્ગીકરણ મુજબ ૯૯૯૭ પક્ષીઓ ઓળખી કઢાયા છે. આપણા ભારત દેશમાં ૧૨૨૮ પક્ષીઓને વર્ગીકૃત કરાયા છે. જયારે આપણા ગુજરાતમાં ૪૫૪ જેટલા પક્ષીઓ જોવા મળતાં હોવાનું નોંધાયું છે.

વિશ્વ કક્ષાએ લુપ્ત થયેલા પક્ષીઓમાં બાલ્ડ ઈગલ, ડોડો, પેસેન્જર પીજીયન, ડસ્કી સી સાઈડ સ્પેરો, કેરોલીના પેરાકીટ, હુઈઆ જેવા પક્ષીઓ હવે જોવા મળતાં નથી. આપણા ભારત દેશમાં પીન્ક હેડેડડક (ગુલાબી માથાવાળી બતક) તથા હિમાલયન કવેઈલ (હિમાલયન તેતર) લુપ્ત થયાનું મનાય છે.

ઈન્ટરનેશનલ યુનિયન ઑફ નેચર કન્ઝર્વેશન (આઈ.યુ.સી.એન) સંસ્થા દ્વારા વિશ્વકક્ષાએ ભયહેઠળની જાતિઓને વિવિધ કક્ષામાં મુકીને તેની યાદી બહાર પડાય છે. જેને 'રેડ ડેટા બુક' થી ઓળખવામાં આવે છે. ભયહેઠળ મુકવા માટેના ચોક્કસ ધોરણ નિયત થયા છે તે પ્રમાણે એક્ટીન્ડટ (લુપ્ત), ક્રીટીકલી એન્ડેન્જર્ડ (અતિ ભયહેઠળ) એન્ડેન્જર્ડ (ભય હેઠળ), વલ્નરેહલ, નોટ ઈવેલ્યુ એટેડમાં મુકવામાં આવે છે. ભારતમાં



આ કાર્ય માટે ઝુઓલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયા પ્રાણીઓ - પક્ષીઓ માટે મદદરુપ બને છે.

આઈ.યુ.સી.એન. રેડ ડેટા બુક મુજબ વર્ષ ૨૦૦૪માં પ્રસિદ્ધ થયેલી ભયહેઠળના પક્ષીઓની સંખ્યા ૭૯ હતી. જેમાં વર્ષ ૨૦૧૧ પ્રમાણે ૧૫૦ ની નોંધ થવા પામેલ છે. આ મુજબ ફક્ત ૭ વર્ષમાં આપણાં ભારતમાં પક્ષીઓની સંખ્યા કે જે ભયહેઠળ કહી શકાય તેમાં લગભગ બમણો વધારો થયેલો જોવા મળે છે.

ભયહેઠળ મુકવામાં આવેલા પક્ષીઓની યાદીના કેટલાક નામો જોઈએ તો ડાલ્મેશિયન પેલીકન, માર્બલ ટીલ, જાપાનીશ કવેઈલ, ગ્રે સીડેડ પ્રશનો સમાવેશ થાય છે.



### વનસૃષ્ટિનો પરિચય
હેમંત સુથાર

આ બધી પક્ષીની જાતિઓ આપણા દેશમાં શિયાળું યાયાવર પ્રવાસી પક્ષીઓ છે. જયારે સ્કોટરા કોર્મોરન્ટ, લેસર વ્હાઈટ ફુટેડ ગુઝ, અને બફ બ્રેસ્ટેટ સેન્ડપાઈપર પ્રાસંગિક પ્રવાસી છે. જે કયારેક કયારેક એવા પક્ષીઓ છે કે જેઓ ભારતમાં અગાઉના સમયમાં આવતાં હતાં પરંતુ છેલ્લા ૧૦૦ વર્ષથી તેમના દર્શન દુર્લભ થઈ ગયા છે. જેમા લીટલ બસ્ટાર્ડ, હુડેડ ક્રેન અને રેડ બ્રેસ્ટેડ ગુઝનો સમાવેશ થાય છે.

આ પૈકીના ૧૩૦ પક્ષીઓની જાતિઓ એવી છે કે તેમના સંરક્ષણ માટેના પ્રયત્નો બાબતે આપણે ગંભીર નથી. નારકોન્ડમ હોર્નબીલ, ગ્રે હેડેડ બુલબુલ, નીલગીરી બ્લ્યુ, રોલીન, વ્હાઈટ બેલીડ બ્લ્યુ રોબીન, અને નીકોબાર બુલબુલ જેવા વિશિષ્ટ પક્ષીઓ તરફ આપણે ધ્યાન આપવું જરુરી છે. તે ઉપરાંત ગ્રેટ ઈન્ડિયન બસ્ટાર્ડ, લેસર પોરીકન, રૂક્સ રમ્પડ ગ્રાસબર્ડ અને સ્પોડબીલ પેલીકન જેવા પક્ષીઓ એના છેકે તેની વસતી ભારતમાં વિશેષ જોવા મળે છે જે લુપ્ત થતાં વિશ્વ કક્ષાએ તેનો અવકાશ સર્જાશે.

આ પક્ષીઓના સંરક્ષણ હેતુથી તેને ભારતીય વન્યજીવ (સંરક્ષણ) અધિનિયમ - ૧૯૭૨નાં અનુસૂચિઓમાં સામેલ કરવામાં આવ્યા છે. પરંતુ આ ઉપરાંત પ્રત્યેક ભયહેઠળના પક્ષીની જાતિ અનુસાર તેના રક્ષણના અલાયદા પગલાં અને વ્યવસ્થાપન થવું અતિ જરુરી છે.

# હજુ જીવે છે "ગુજરાતી"...!!!

જે જન્મતાં આશિષ હેમચન્દ્રની પામી, વિરાગી જિનસાધુઓએ, જેનાં હિંચોળ્યા મમતાથી પારણાં, રસપ્રભા ભાલણથી લહી જે...નાચી અભંગે નરસિંહ-મીરાં-અખા તણે નાદ ચડી ઉમંગે...આયુષ્મતી લાડલી પ્રેમભટ્ટની

દ્રઢાય ગોવર્ધનથી બની જે, ...અર્ચેલ કાન્તે, દલપત પુત્રે તે ગુર્જરી ધન્ય બની ઋતંભરા ગાંધીમુખે વિશ્વમાંગલ્યધાત્રી...ગુજરાતી ભાષાનું ગૌરવ દર્શાવતી મૂર્ધન્ય કવિ શ્રી ઉમાશંકર જોશીની આ અમર રચના સાથે સૌને વિશ્વ માતૃભાષા દિવસની શુભેચ્છાઓ..!! હું સમજી શકું છું કે ઉમાશંકરભાઈએ લખેલી ઉપરોક્ત પાંચ કે છ લાઈન વાંચતા પણ તમારામાંથી ઘણાને આખે પાણી આવી ગયા હશે...!! હવે જો કોઈ ખ્યાતનામ વિવેચક કે લેખક આનું વિવરણ કરવાનો હોય તો એ જરૂર થી લખશે કે 'આ જ ગુજરાતી ભાષાની સૌથી મોટી કરુણા છે કે વી ધ ગુજરાતી જ ગુજરાતી બરાબર સમજી કે વાંચી નથી શકતા.. આપણે જ આપણી ભાષાને ભૂલતા જઈએ છીએ...આપણે જ આપણી ભાષાની અવગણના કરીએ છીએ.''...વગેરે વગેરે વિવેચકો કે લેખકોની વ્યથા અને વેદના સમજી શકાય એવી હોવા છતાં પણ હકીકત એ છે કે જગતની માલીપા ઘણી બધી ભાષાઓ આવા સંક્રાતિકાળથી પસાર થઈ રહી છે કે થઈ ગઈ છે. આમાં પ્રજાને દોષ દેવો કે નહિ એ તો જે તે પ્રજા એ જ નક્કી કરવાનું હોય છે પણ હક્કીક્ત એ છે કે ગુજરાતી ભાષાના સુવર્ણકાળને બાદ કરતા અત્યારના સમય સુધીમાં ફરી ગુજરાતી ભાષા એ જ સોનેરી સમય તરફ આગેકુચ કરી રહી છે એમાં કોઈ બેમત નથી. ફરિયાદ ચોક્કસ હોય શકે કે ગુજરાતી કોઈ બોલતું નથી...ગુજરાતી કોઈ વાંચતું નથી...ગુજરાતી કોઈ છાપતું નથી...કે ગુજરાતી ભાષાને ખુદ ગુજરાતી જ તડકે મૂકી રહ્યા છે....પણ સાવ એવું પણ છે નહિ જ. ઈનફેક્ટ આજકાલ ગુજરાતી ભાષાને જીવતી રાખવાના જે પ્રયત્નો થઈ રહ્યા છે એ ખરેખર કાબિલે તારીફ છે જ. યસ પ્રયત્નો થઈ રહ્યા છે એ શબ્દ એટલા માટે વાપર્યો કે હજુ ઘણું કરવું બાકી છે...ગુજરાતી ભાષાને જીવતી રાખવા માટે.

હકીકત એ છે કે જેમ જેમ પેઢી બદલાઈ એમ એમ સંસ્કૃતિ અને ભાષાના ઉપયોગોના સ્વરૂપો બદલાતા રહેવાના. ઉપર લખી એ ઉમાશંકરભાઈની શુદ્ધ ગુજરાતી કદાચ અપ્રસ્તુત થઈ હોય તો પણ હકીકત એ છે કે મૂળ ગુજરાતી તો હજુ પણ ક્યાંક ને ક્યાંક એના અસલ સ્વરૂપ સાથે બાંધછોડ કરીને પણ વહી રહી છે...જીવી રહી છે...વિસ્તરી રહી છે. અનેક એવા સમાચારો દુનિયાના ખૂણે ખૂણેથી આવી રહ્યા હોય છે કે જે બતાવે છે કે ચાહે દેશમાં હોય કે પરદેશમાં પણ સૌ પોતપોતાની રીતે ગુજરાતી ભાષાના અસ્તિત્વ ટકાવી રાખવાના અભિયાનમાં જોડાઈ રહ્યા છે. સરકારો, મંડળો, પરિષદો કે સ્વેચ્છિક સંસ્થાઓ તો વર્ષોથી અને સ્વયંભુ પોતાની રીતે વધુને વધુ લોકો ને ગુજરાતી ભાષા વાંચતા...લખતા અને વિસ્તારતા કરવાનું કાર્ય તો કરી જ રહ્યા છે પણ કોઈને ગમે કે નાં ગમે (ખાસ કરી ને એવા ચોખલિયાઓને કે જેઓને બધે જ વક્ર દ્રષ્ટિએ જોવાની ટેવ છે) પણ મારા મતે તો આજનો ગુજરાતી, પછી ચાહે એ માં-બાપ હોય કે બાળક....શિક્ષક હોય કે વિદ્યાથી...પણ પોતાની રીતે ગુજરાતીમાં રસ લેતો તો થયો જ છે એમાં કોઈ શંકાને સ્થાન નથી જ.

ગુજરાતી મારી મા અને અંગ્રેજી મારી માસી...!!! હા તો એમાં કોઈને શું કામ વાંધો હોય શકે? ઈનફેક્ટ અંગ્રેજી તો યુનિવર્સલ લેન્ગવેજ છે જ એ નિર્વિવાદ છે. અંગ્રેજીમાં ભણવું કે શિક્ષણ પ્રાપ્ત કરવું એ આજના જમાનાની જરૂરીયાત છે પણ એમાં એવો અર્થ ક્યા નીકળ્યો કે અંગ્રેજીને હિસાબે ગુજરાતીને નુકશાન થાય છે? ને માનો કે કદાચ થતું હોય તો પણ જ્યાં જ્યાં વસે ગુજરાત ત્યાં ત્યાં બોલાતી કે એટલીસ્ટ બોલાવાની કોશિશ કરતા ગુજરાતીઓને શુ કહેશું? અસલમાં અંગ્રેજીને દોષ દેવો આસાન છે અને આસાન કરતા તો બેમતલબ છે. હા એવું હોય શકે કે ગુજરાતી થઈને અંગ્રેજી બોલવું જ કે લખવું એવા હઠીલા નિર્ણયો લેનારા અમુક પરિવારો કે વ્યક્તિઓ હોય શકે પણ અંગ્રેજીને દોષ આપવા કરતા ગુજરાતીને બોલતી રાખવા...લખતી રાખવા કે ટકાવી રાખવા કામ કરતા અનેકોની સંખ્યા ઘણી વધુ છે જ. અંગ્રેજી આગળ કહ્યું એમ જરૂરીયાત છે આધુનિક વિશ્વમાં ટકી રહેવાની એની નાં નહિ પણ માતૃભાષા એ માતૃભાષા જ છે અને રહેશે. ભલે એના સ્વરૂપ કે પેઢીઓના બદલાવ સાથે એના ઉપયોગમાં વધતી ઓછી માત્રાનો ઉતાર કે ચડાવ આવતો હોય.



### રજ્જળપાટ
અજય ઉપાધ્યાય

ભાષા જાય તો સંસ્કૃતિ જાય એવું કહેવાય છે. જે ભાષા ભૂલ્યો ખાસ કરીને માતૃભાષા એ સંસ્કૃતિ ભૂલ્યો. ગુજરાતી પોતાની જ ભાષા ભૂલતો જાય છે કે ગુજરાતી જ ગુજરાતી પ્રત્યે ઉદાસીન છે આવી બધી વાતોની વચ્ચે પણ ગુજરાતી ભાષામાં સર્જન અને સર્જકોની સંખ્યા વધી રહી છે. સીધી વાત છે ને કે વંચાય છે તો લખાય છે અને બોલાય છે તો અનુભવાય છે. સર્જનની જ વાત નીકળી છે તો એટલું કહેવું ઉચિત ગણાશે કે ગુજરાતી ભાષામાં સર્જન કરવું એ ખોટનો સોદો છે એવી જે છાપ છે એને ખોટી પાડવી જરૂરી છે અને એ સમય પણ આવી ગયો છે. વધુ ને વધુ નવલોહિયા અને લેહિયા ગુજરાતીમાં સર્જન કરતા થયા છે એટલું જ નહિ પણ ગુજરાતી વાંચકો તરફથી એને ભરપુર પ્રસિદ્ધિ અને પ્રોત્સાહન પણ મળી રહ્યા છે. પણ હા એટલું હજુ કહી શકાય કે બીજી ભાષાઓના સર્જકોને - ખાસ કરીને અંગ્રેજી કે હિન્દી જે વળતર અને નામના મળે છે એટલી નામના કે વળતર હજુ આજના ગુજરાતી સર્જકોને મળતા નથી. ભાષાનો ભૂતકાળ યાદ રાખીને પણ ભાષાને વર્તમાનને અનુરૂપ ઢાળવામાં આજકાલના સર્જકો અને સાહિત્યકારોના પ્રયત્નોનો સારો એવો પ્રતિસાદ મળતો થાય એ પણ માતૃભાષાને જીવંત રાખવાના અનેક કદમો માંહેનું એક કદમ જ ગણાશે.

વધુ પડતું વિવેકચીય થયા વગર આજના 'વિશ્વ માતૃભાષા દિવસ' પર સીધીને સટ્ટ એક જ વાત છે કે ગુજરાતી ભાષા મરી રહી છે એ વાતમાં એટલીસ્ટ આ લેખકને તો કોઈ દમ નથી લાગતો. હા એવું હોય શકે કે ગુજરાતીના સોનેરી કાળ જેટલી ચમક દમક કદાચ હજુ નાં આવી હોય પણ સાવ નામશેષ થઈ રહી છે કે થઈ જશે એવી બીકમાં કોઈ તથ્ય મને તો નથી લાગતું. અને એનું કારણ છે દુનિયાનું બદલવું... આધુનિક ટેકનોલોજીનું આવવું અને વિશ્વનુ એક મુઠ્ઠીમાં સમાય જાય એવડું થઈ જવું. ઈન્ટરનેટની દુનિયા એ વધુને વધુ લોકોને ગુજરાતી વાંચતા - લખતા કર્યા છે એ વાત નઝરઅંદાઝ કરી શકાય નહિ. હાથવગા અમુલ્ય ગુજરાતી સાહિત્ય પ્રત્યે લોકોની જીજ્ઞાસા અને આતુરતા વધે છે. ફક્ત ગુજરાતી પુસ્તકો જ વેચતી ઓનલાઈન સાઈટો પર ધડાધડ વેચતા પુસ્તકો એની નિશાની છે. અંગ્રેજી માધ્યમમાં ભણતા બાળકને કે અંગ્રેજીમાં જ વિચારતા - વિહરતા કોઈ વ્યક્તિને ગુજરાતી સાહિત્ય મેળાવડાઓમાં ભાગ લેતા જોયાના અનેકો દાખલા મોજુદ છે. પેઢી બદલાઈ રહી છે - બદલાઈ ગઈ છે. ગુજરાતી કોઈ વાંચતું નથી... કોઈ બોલતું નથી...ની

અનુસંધાન પાના નં. ૭ પર

# જેએનયુ વિવાદ : દેશદ્રોહ કે અભિવ્યક્તિની સ્વતંત્રતા?

છેલ્લા કેટલાંક સમયથી આખો દેશ અસહિષ્ણુતાની સ્થિતિમાં મૂકાઇ ગયો છે એવા સમાચારો અને વાતો મીડિયા અને અખબારોમાં ખૂબ ચગાવવામાં આવી છે એકાદ બે નાની મોટી ઘટનાને ખૂબ મોટું રાજકીય સ્વરૂપ આપીને એક ઈન્ટરનેશનલ ષડયંત્રના ભાગરૂપે દેશને અને અત્યારની લોકપ્રિય સરકારને બદનામ કરવાનું કાવતરું પણ ઘડાયું હતું અને આ માટે સાહિત્ય જેવા બિન વિવાદાસ્પદ અને સંવેદનશીલ વિષયને બાનમાં લઇ કેટલાંક કલમધારકોને હથિયાર બનાવવામાં પણ આવ્યા હતા. અને નાના મોટા લાભને ધ્યાનમાં રાખીને કેટલાંક સાહિત્યકારો આ કાવતરાનો ભોગ પણ બન્યા હતા અને અસહિષ્ણુતાના નામે કેન્દ્રીય સાહિત્ય અકાદમીના એવોર્ડ્સ પણ પરત કરવાનો દોર શરૂ થયેલો.

આ બધી ''અસહિષ્ણુતા''ની રામાયણના સૂર માંડ માંડ પડઘાતા બંધ થયા ત્યા વળી એક વિરાટ ધમાકો દિલ્હીની એક પ્રચલિત યુનિવર્સિટીમાં સર્જાયો છે. જેના અવાજના ટૂકડાઓ આખા દેશમાં અને અને હવે ધીમે ધીમે બીજા અનેક દેશોમાં સંભળાઇ રહ્યા છે. આમ જોઇએ તો યુનિવર્સિટીમાં યુવાનો ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવા જાય છે. જ્યાથી દેશનું યુવાધન સજ્જ થઇને સાંપ્રત પ્રવાહમાં ભળીને દેશની પ્રગતિ માટે પ્રવૃત થાય છે. પરંતુ અચાનક આટલા વર્ષો બાદ દેશની કરોડરજ્જુ સમાન ઉચ્ચ શિક્ષણ અને એની મજ્જાઓ જેવી આ યુનિવર્સિટીમાં આવી જીવલેણ ગાંઠ નીકળશે એની તો કોઇને કલ્પના જ નહોતી. જે યુનિવર્સિટીને આજદિન સુધી દેશનું ગૌરવ માનતા હોઇએ, જેની સાથે દેશના વડાપ્રધાનનું નામ જોડાયેલું હોય એ જ યુનિવર્સિટીમાંથી ''ગો ઇન્ડિયા ગો બૈક'' અને ''કશ્મીર કી આઝાદી તક જંગ ચલેગી'' અને ''ભારત કી બરબાદી તક જંગ ચલેગી ''જેવા નારા સાંભળવા મળે... એ શું બતાવે છે? જો કે કેટલાક વિદ્યાર્થીઓનું કહેવું છે કે આવા સૂત્રોચ્ચાર બહારના તત્વોએ અમારી રેલીમાં ભળી જઇને કર્યા હતા.

એક તરફ દેશના સર્વપ્રિય વડાપ્રધાન ભારત દેશને વૈશ્વિક કક્ષાએ લઇ જવા પરિશ્રમ કરી રહ્યા છે. વિશ્વની મહાસત્તાઓના વડા ભારતની મુલાકાતે આવી રહ્યા છે ત્યારે દેશની એક યુનિવર્સિટીમાંથી જ દેશ વિરોધી સૂર ઊઠે એ કેવું કહેવાય? દેશને બરબાદ કરવાની ધમકીઓ અપાય ત્યારે કેમ કોઇ સાહિત્યકાર કે કલાકારની સંવેદનશીલતા જાગૃત નથી થતી? કેમ કોઇ એવોર્ડ પરત નથી કરતું? દિલ્હીના લોકો તો એવું કહે છે કે ''હવે જ ખરેખર સાચી અસહિષ્ણુતા'' વધી રહી છે. વામપંથીઓ સક્રિય થઇ રહ્યા છે. આ તો હજી એક જ યુનિવર્સિટીનું બગડેલું વામપંથી છોકરું તોફાને ચડ્યું અને બહાર આવ્યું. આવી તો ઘણી યુનિવર્સિટીઓમાં આવા બગડેલા છોકરાઓના ટોળા નહી હોય એની શી ખાતરી? એવું પણ કહી શકાય કે આ પ્રકારની ખાસ વિચારધારાનું એક આખું નેટવર્ક પથરાયેલું હોવું જોઇએ. જો ખરેખર આમ હોય તો હવે તેમની ઉપર પગલાં લેવાનો સમય પાકી ગયો છે, કેમ કે આવા જ લોકો દેશની જનતાને ગેરમાર્ગે દોરે છે. યુવાપેઢીના મનમાં ઝેર ભરે છે. તેથી ખરેખર તો આ આતંકવાદી પ્રવૃતિથી પણ વધું ગંભીર બાબત બને છે.

જો પડોશી દેશમાં ક્રિકેટ રમતા ''વિરાટ કોહલી'' ની પ્રસંશામાં ત્યાનો યુવાન ભારતનો ત્રિરંગો ધ્વજ લહેરાવે તો એને તરત જ બીજે દિવસે જ દસ વર્ષની જેલની સજા થાય છે. અને આપણા દેશમાં ખુલ્લેઆમ કોઇ દેશ વિરોધી નારા લગાવે, રાષ્ટ્ર વિરોધી તત્વો - સંગઠનો આતંકવાદી વિચારધારા અપનાવી સંસદ પર હુમલો કરનાર આતંકવાદીના સમર્થનમાં નારેબાજી કરે અને છતાંય આપણી સંવેદના સૂતી રહે, અનેક લોકોને મારી નાખનાર ખુંખાર આતંકી પકડાય તો પણ એને વર્ષો સુધી જેલમાં તમામ સુવિધાઓ સાથે રાખી એની પાછળ કરોડો રૂપિયા ખચીએ છીએ. મને તો લાગે છે કે આપણી કલમને અને સંવેદનાને લકવા થઇ ગયો છે. કોઇ આગળ પાછળ લાભ હોય ત્યારે જ આપણી કલમ કે સંવેદના જાગે છે.

તા. ૧૩, ડિસેમ્બર, ૨૦૦૧ ના રોજ દિલ્હીમાં સંસદ પર આતંકવાદી હુમલામાં શહીદ થનાર જાંબાઝ જવાનો નાનકચંદ કે બ્રિજેન્દ્ર સિંહની વિધવા પત્નીઓ કે અનાથ બાળકો કે એમના વૃદ્ધ માતા પિતા આજે શું કરે છે. કેવી પરિસ્થિતિમાં છે? એ જોવાની કેમ કોઇ દરકાર નથી કરતું? શું આ શહીદોનો આત્મા નહી કકળતો હોય? કેટલી નિર્દય રાજનીતિ છે આપણી. તો વળી કોઇ નેતા પોતાની મતબેંક મજબૂત કરવા એક આતંકવાદીને નામની સાથે ''જી'' સંબોધન કરે અને પછી ''સ્લીપ ઓફ ટંગ'' કહીને પોતાનો બચાવ કરે - ધન્ય છે દેશના આવા ક-પૂતોને જેમને આપણે જ મત આપીને સપૂતો બનાવીએ છીએ.

આજે સહિષ્ણુતાની આડમાં, સંવેદનશીલતાના આવરણ હેઠળ અસહિષ્ણુતાની વિચારધારા-આતંકી વિચારધારા વિકસી રહી હોય એવું લાગે છે. આજે આપણા જ દેશમાં વામપંથી વિચારધારાના વાહકોને પ્રોત્સાહિત કરવા બધા જ પ્રકારની આર્થિક, સામાજિક સહાય મળે આવા સંગઠનોને વિશેષ રીતે પોષવામાં આવે એ કેવું કહેવાય? એમની ધાર્મિક યાત્રાઓના ભાડા આપણે ચૂકવવાના અને છતાંય આ પરિણામ ? આવા નેતાઓ કે બુદ્ધિજીવીઓ દેશનું શું ભલું કરશે ? જ્યારે આખા દેશમાં રાક્ષસોનો નાશ કરનાર દેવી ''મા દૂર્ગાની - દૂર્ગા પૂજા'' કરવામાં આવે છે ત્યારે તે જ દિવસે અભિવ્યક્તિની મુક્તતાના સ્વાંગમાં રાચતી આ યુનિવર્સિટીમાં ''મહિષાસૂર દિવસ'' ઉજવવામાં આવે છે. આનાથી મોટી વિંટબણા બીજી કંઇ હોઇ શકે? તો વળી એક સમાચાર મુજબ વર્ષ ૨૦૧૦માં જ્યારે દંતેવાડામાં નક્સલી હુમલામાં ૭૫ જવાનો શહીદ થયા હતા, તેમના મૃત્યુ પછી. આ યુનિવર્સિટીમાં એક મોટો ઉત્સવ મનાવાયો હતો. આ ઉપરાંત. યુ.જી.સી. અને દિલ્હી પોલીસના રિપોર્ટ અનુસાર આ યુનિવર્સિટીમાં સૌથી વધુ યૌન ઉત્પીડન ઘટનાઓ અહી ઘટે છે. એના કારણોમાં આ વામપંથી યુવાનો નહી હોય એની શી ખાતરી?



### મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ

બીજી રીતે જોઇએ તો આ એક આતંરરાષ્ટ્રીય ષડયંત્ર પણ લાગે છે. કેમ કે આપણા દેશની શરુઆતની ૫૦ વર્ષની રાજનીતિનો પાયો એક ખાસ વિચારધારા પર રહ્યો છે. અને આનો લાભ લઇને વૈશ્વિક આતંકવાદી સંગઠનોએ આપણા દેશમાં પ્રવેશી અનેક વામપંથી કટ્ટર પરિવારોને તાલીમબદ્ધ કરીને દેશની અનેક સ્કૂલોમાં, કૉલેજોમાં અને યુનિવર્સિટીઓમાં આ વિચારધારાને વેગવાન બનાવી છે. અને સમય સમયે એને આતંકવાદી પ્રવૃતિમાં પરિવર્તિત કરી હોય તો આવા વિદ્યાથીઓ કે અધ્યાપકોને જેલના હવાલે કરવા જોઇએ કે નહી? કેમ કે તેમના દ્વારા જ સમાજમાં વિકૃત પ્રચાર થઇ રહ્યો હોવાનું મનાય છે, નહિતર ૩૨ વર્ષ પહેલા જે આતંકવાદીને દેશદ્રોહના ગુહનામાં ફાંસી આપવામાં આવી હોય એને આજે યાદ કરીને નારા લગાવાય એ શું કટ્ટર અસહિષ્ણુતા નથી? (હે આમીર, શાહરુખ ... સાંભળો છો ને?) આવી નારેબાજી કરતા જૂથોનું કોઇ કનેકશન કાશ્મીરના અલગાવવાદી સંગઠનોથી મળેલું તો નથી ને ? આ જૂથ વિચારોની અભિવ્યક્તિની સ્વતંત્રતાને નામે આવી અનેક યુનિવર્સિટીઓમાં- આખા દેશમાં આવી દેશ વિરોધી પ્રવૃતિઓની ગતિ વિધિઓની પૂર્વભૂમિકા તો નથી બનાવી

અનુસંધાન પાના નં. ૭ પર